સમગ્ર ગુજરાતના કોઈપણ ખૂણામાં વસતો વાળંદ બંધુ શિક્ષિત, સંસ્કારી, સ્વાશ્રયી, સુખી અને શહેરી બને તે ધ્યેય દષ્ટિ સમક્ષ રાખીને કાર્યરત સંગઠન એટલે ગુજરાત વાળંદ સેવા સંઘ

# વાળંદ વિકાસ



દરેક અંગ્રેજી મહિનાની બીજી તારીખે પ્રસિદ્ધ થાય છે

વર્ષ : ૬૯ • અંક - ૧ • જાન્યુઆરી ૨૦૨૫ • છૂટક પ્રત રૂા. ૧૦/- આદ્યતંત્રી : સ્વ. મોહનલાલ મુળજીભાઈ વાળંદ (મેજીસ્ટ્રેટ)

-: 'સંઘ'ના સંસ્થાપકો :-



સ્વ. મોહનલાલ વાળંદ



સ્વ. રેવાભાઈ નાયી




સ્વ. ગોરધનદાસ દલાલ




-: 'સંઘ'ના ઉધ્ધારકો :-



સ્વ. જ્યોતીન્દ્રભાઈ નાયી



સ્વ. શારદાબેન નાયી



સ્વ. કાંતિભાઈ નાયી

## નવીન બહુમાળી સમાજ ભવન

## સાંસ્કૃતિક અને શૈક્ષણિક ઉત્થાનરૂપી નવિન વિદ્યાર્થીગૃહ ઇમારતનું ભવ્ય નજરાણું

સમાજ સંકલ્પ કરે છે. આ ગૌરવરૂપ પ્રોજેક્ટ આપ સર્વેના સાથ-સહકાર થકી સમાજમાં શૈક્ષણિક ક્રાંતિનું પ્રતિબિંબ બની રહેશે.

બેંક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા, ગુલબાઇ ટેકરા શાખા
બેંક ખાતા નં. ૧૦૦૨૯૮૪૧૨૧
IFSC : CBIN0281629
**શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદ**
સ્થાપના ૨૦ એપ્રિલ, ૧૯૫૭,
પબ્લિક રજિ. નં. એ-૧૮૨૪

SHREE GUJARAT VALAND S
10787086@cbin

દાન જમા કરાવવા માટે ક્યુઆર કોડ

નમ્ર અપીલ : સમાજનો કોઈ જ્ઞાતિબંધુ આ શૈક્ષણિક ભવનમાં યથાયોગ્ય દાન આપ્યા વિના ન રહી જાય તેવી વિનંતી.

નોંધ : આ પ્રોજેક્ટ માટે સંસ્થાને આપેલ દાન આવકવેરા ધારાની કલમ 80(G) હેઠળની જોગવાઈ મુજબ કરમુક્તિને પાત્ર છે.

# BIO-DATA



Name : **Jimeen Sharma**
Status : H-1
Phone : +1 (848) 667 5767
Email : jvsh0369@gmail.com
Current Location : Edison, NJ, USA

**Personal Details**

Date of Birth : January 3, 1995
Time of Birth : 8:00 PM, Ahmedabad
Height : 5' 7"
Religion : Hindu-Valand (Swaminarayan)
Diet : Vegetarian
Hobbies : Traveling, Cooking, Reading
Juth : Matar 27 Valand Samaj
Occupation : Software Developer at Bank of America New Jersey, USA
Education : Beachelor of Science in Computer Science New Jersey Institute of Technology, NJ, USA, Diploma in Machanical Engineering, Gujarat Technological University, Ahmedabad

**Family Details** : Mob : 9727783833

Father : Vinubhai Valand (Manager HR) Cadmach, Zydus Calida Group
Mother : Rekhaben Valand (9924407818)
Sister : Monica, Married (Australia)
Brother : Divyesh Sharma Optometrist, Nishant Eye Hospital
Address : A-15, Kailashdham Society, B/h. Parshottam Nagar, Juna Dumaral Road, Nadiad 387002

Note : Jimeen is coming on 1st January 2025 from USA

# ગુજરાત વાળંદ સેવા સંઘ

(પબ્લીક ટ્રસ્ટ રજી. નં. ૧૮૨૪)


: પ્રમુખ :

**શ્રી વિપુલભાઈ વી. દલાલ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૪૫૨૫૨૪૪, વોટ્સેપ નં. +1 (678) 677-0003

: મંત્રી :

**શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય (ટ્રસ્ટી)**
મો. ૭૪૦૫૮૨૮૯૫૫

: ઉપપ્રમુખ :

શ્રી પંકજભાઈ કે. નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૦૯૮૮૮૭

શ્રી સંજયભાઈ ચંદુલાલ પારેખ (ટ્રસ્ટી)
મો. ૯૯૦૯૦૦૧૯૭૦

: સહમંત્રી :

શ્રી વિજયભાઈ મણીલાલ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૩૦૫૩૬૨

: કોષાધ્યક્ષ :

શ્રી નરોત્તમભાઈ હેમાભાઈ નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૯૮૯૫૯૩૦૫

: અન્વેષક :

શ્રી મૌલિકભાઈ ભરતભાઈ પારેખ (સી.એ.)
મો. ૯૬૩૮૧૮૦૦૦૭

: ટ્રસ્ટીશ્રીઓ :

શ્રી મહેન્દ્રભાઈ રતિલાલ બાવરિયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૬૩૪૨૫૬

શ્રી વિજયભાઈ ધીરુભાઈ બગથરીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૦૮૯૦૦૧

શ્રી મહેશભાઈ પ્રવીણભાઈ જોટંગીયા (ટ્રસ્ટી)
મો. ૮૩૪૭૩૮૮૮૮૮

શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૭૭૬૯૦૦

શ્રી અલ્પેશભાઈ મધુસુદન લિમ્બાચીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૧૧૧૨૯૫

શ્રી દેવેન્દ્રભાઈ લલિતચંદ્ર કોન્ટ્રાક્ટર (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૬૯૬૮૬૯

શ્રી અરવિંદભાઈ એસ. દમણી (ટ્રસ્ટી)
મો. ૯૩૭૭૫૬૦૮૪૨

શ્રી મયુરધ્વજ કે. લિમ્બાચિયા (ટ્રસ્ટી)
મો. ૯૪૨૬૩૬૭૦૭૭

શ્રી એસ. બી. પારેખ (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૯૭૫૨૩૬

શ્રી સુરેશભાઈ જે. શર્મા (દાતા ટ્રસ્ટી)
(અમદાવાદ)

શ્રી રમેશચંદ્ર પી. લિમ્બાચીયા (ટ્રસ્ટી)
(પાટણ)

શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી)
(પાલ્લા)

શ્રી શ્રી ધર્મેન્દ્રભાઈ છનાલાલ નાયી (ટ્રસ્ટી)
મો. ૯૭૨૬૬૭૫૦૪૦

શ્રી યોગેશભાઈ નારણભાઈ પારેખ (દાતા ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૦૨૧૯૦૩

: બિલ્ડીંગ પ્રોજેક્ટ કમિટિ (ઈજનેરી પાંખ) :

**પ્રોજેક્ટ ચેરમેન :** શ્રી કાળીદાસ કે. પારેખ, (ટ્રસ્ટી)
મો. ૯૯૨૫૬૦૪૪૪૩

**પ્રોજેક્ટ વા. ચેરમેન :** શ્રી ગોપાલભાઈ કે. વાળંદ, (ટ્રસ્ટી)

શ્રી હર્ષદભાઈ નાથાભાઈ પારેખ (ટ્રસ્ટી)
શ્રી અરવિંદભાઈ જે. શર્મા (યુએસએ)
શ્રી હરિભાઈ કાનજીભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
શ્રી સંજયભાઈ સી. પારેખ (ટ્રસ્ટી)
શ્રી મહેશભાઈ જોટંગિયા (ટ્રસ્ટી)
શ્રી કિરીટકુમાર એમ. ભટ્ટી
શ્રી દિલીપભાઈ જે. વાઘેલા
શ્રી હસમુખભાઈ આર. પારેખ

: હિસાબી-વહિવટી પાંખ :

શ્રી વિપુલભાઈ વી. દલાલ
શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય
શ્રી નરોત્તમભાઈ એચ. નાયી

: એડવાઈઝરી કમિટિ :

શ્રી શરદભાઈ જે. શર્મા (વિજાપુર)
શ્રી અશોકભાઈ એ. વૈદ્ય (મહેસાણા)
શ્રી પ્રકાશચંદ્ર એન. વૈદ (હિંમતનગર)
શ્રી રમેશભાઈ એસ. વાળંદ
શ્રી ધીરજભાઈ અમરતલાલ લિંબાચીયા
શ્રી પ્રવિણભાઈ શર્મા
શ્રી ભભૂતમલ જવાનજી સેન
શ્રી સોમાભાઈ ખુશાલદાસ લિંબાચીયા (ઉનાવા)

: પ્રચાર-પ્રસાર કમિટિ :

શ્રી રાજેશભાઈ વાજા, સેનબંધુ સમાજ (સુરત)
શ્રી દામજીભાઈ ગોંડલિયા, સેનમિત્ર (રાજકોટ)
શ્રી વિપુલભાઈ વાળંદ સમાચાર (ભાવનગર)
શ્રી રમણભાઈ જી. લિમ્બાચીયા (અમદાવાદ)
શ્રી શૈલેશભાઈ એન. નાયી (દિયોદર)

# વાળંદ વિકાસ

Email : valandvikas@valandsevasangh.org

| | | |
|---|---|---|
| પ્રકાશક | : | **શ્રી બાલુભાઈ બી. પારેખ**<br>મો. : ૯૪૨૮૫૦૩૨૯૧ |
| તંત્રી | : | **શ્રી અરવિંદભાઈ એસ. વૈદ્ય**<br>મો : ૭૮૭૪૮૬૯૨૪૭ |
| સહતંત્રી | : | **શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી) (પાલ્લા)**<br>મો. : ૯૪૨૬૩૯૧૩૦૨ |
| સંપાદક | : | **શ્રી શંકરલાલ એમ. ભાટીયા**<br>મો. : ૯૪૨૬૦૮૫૪૮૮ |

| વાર્ષિક લવાજમ | આજીવન લવાજમ |
|---|---|
| દેશમાં રૂા. ૧૫૦/- | દેશમાં રૂા.૧૫૦૦/- |
| પરદેશમાં રૂા. ૧૫૦૦/- | પરદેશમાં રૂા.૧૫૦૦૦/- |

૧. વાળંદ વિકાસ એ જ્ઞાતિના વાચકોને વિવિધ વાંચન સામગ્રી પૂરી પાડતું પ્રિન્ટ મીડિયાનું માધ્યમ છે. તેમાં પ્રસિદ્ધિ પામતું લખાણ સંસ્થાના રેકર્ડમાં જરૂરી રહે છે. જેથી વા.વિ.ને છાપવા માટે લખાણ મોકલનારે ફુલસ્કેપ કાગળ પર ટાઈપ કરી અથવા સારા અક્ષરે પોતાના નામ-સંપર્ક નંબર સહિત લખી કાર્યાલયના સરનામે મોકલી આપવું. બહુ જરૂરી હોય તો લખાણનો ફોટો પાડી વૉટ્સએપથી તંત્રીને મોકલવું. આ સિવાય પોતાના મોબાઈલ પર ટાઈપ કરેલું કે ફોરવર્ડેડ મેસેજ સ્વરૂપનું લખાણ મોકલવું નહિ. આવું લખાણ વાળંદ વિકાસમાં છાપી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી.

૨. વાળંદ વિકાસમાં પ્રસિદ્ધિ માટે આવતું મેટર, લેખ, બહુવિધ સુરુચિ જળવાય તેની યોગ્યતા ચકાસી ઉપલબ્ધ રહેતી જગ્યા અનુસાર સમાવવા પ્રયત્ન કરવામાં આવશે.

૩. વાળંદ વિકાસના લવાજમ, સરનામાં ફેરફાર, અંક ન મળ્યો હોવાની રજુઆત **કાર્યાલયના મેનેજર શ્રી ડાહ્યાભાઈ લિમ્બાચીયાનો સંપર્ક તેમના મો. નં. ૯૫૧૦૦૮૩૩૨૬ પર કરવી.** જે ચકાસણી કરી હકીકત જણાવશે. વ્યાજબી અને પૂરતા અગત્યના કારણો સિવાય તંત્રી-પ્રકાશકને સીધી રજુઆત નહિ કરવા નમ્ર વિનંતી છે.

૪. વાળંદ વિકાસનું લવાજમ કે તેમાં પ્રસિદ્ધ થતા બાયોડેટા, શ્રદ્ધાંજલિ, જ્ઞાતિ-ગૌરવ વિગેરે માટેના દરનાં નાણાં 'વાળંદ વિકાસ'ના નામે એકાઉન્ટ પેઈ ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલી શકાય છે અથવા નીચેની બેંકની વિગતો મુજબ બેંક ખાતામાં સીધેસીધાં ભરી શકાશે. નાણાં સીધેસીધાં જમા કરાવવાના કિસ્સામાં જમા રસીદની ઝેરોક્ષ નકલ કાર્યલયમાં તુર્તજ મોકલી આપવાની રહેશે તથા કાર્યાલયના ફોન નંબર ૦૭૯-૨૬૩૦૩૦૨૮ પર જાણ કરવાની રહેશે.

| | |
|---|---|
| બેંકનું નામ | : **બેંક ઓફ ઇન્ડિયા** |
| શાખા | : પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬ |
| બેંક એકાઉન્ટ નં. | : 200110100010827 |
| ખાતાનું નામ | : વાળંદ વિકાસ |
| IFSC Code | : BKID0002001 |
| MICR Code | : 380013040 |

**-: કાર્યાલય :-**

**ગુજરાત વાળંદ સેવા સંઘ,** C/o. સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ કેમ્પસ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬ ફોન : ૦૭૯-૨૬૩૦૩૦૨૮

www.valandsevasangh.org

Email : valandsevasangh@gmail.com


## જ્ઞાનગંગા

આપણને હંમેશા લોકોના કેન્દ્રમાં રહેવું ગમે છે. બાધાની નજરમાં રહેવું ગમે છે. બધાના એક 'દશ્ય'માં રહેવું ગમ્યા કરે. બધા આપણને જુએ અને તેમની નજરમાં અગ્રેસર રહેવું ગમે. આપણે સંસાર ચલાવ્યો એટલે દશ્યમાં રહ્યા. આપણે કેવા દેખાયા! આપણાં સગાં, સંબંધીઓ, મિત્રો, નોકર, પાડોશીઓ બધા કાચના ટુકડા છે. એ ટુકડાઓમાં આપણું પ્રતિબિંબ પડે છે. ઘડીભર આપણે ખુશ થઈ જઈએ છીએ, જ્યારે પ્રતિબિંબ, આપણી ધારણા પ્રમાણેનું પડે છે ત્યારે.

પણ પ્રશ્ન આ છે, શું બધે જ પ્રતિબિંબ સરખું રહે છે? નિવૃત થઈએ, ઉંમર ઢળે. જે કાચનો ટુકડો આપણાં વખાણ કરતો હતો તે હવે બૂરું કેમ બોલે છે? ક્યાં ગયું ગઈ કાલનું એ પ્રતિબિંબ ?

બીજો કાચનો ટુકડો એમ કહેતો હતો કે "તમને એટલા તો ચાહું છું કે તમે જ મારા અસ્તિત્વ છો, તમારા વિના જીવી જ ન શકું." તે વેળા તમે ખુશ હતા. પણ એ ટુકડો જુદો થઈ હવે તમારા જીવવા - મરવા કે બિમાર પડવાની દરકાર પણ નથી કરતો. ત્યારે તમે સમસમી ઊઠો છો ને? તો પછી દશ્યમાં રહ્યા એ ભ્રમ હતો ને? કોઈ ટુકડામાં પ્રતિબિંબ જોઈ હરખાયા એ ભ્રમ હતો ને?

ત્રીજો કાચનો ટુકડો તમારી સત્તા હતી/ હોદ્દો હતો. ત્યારે રોજ કર્મચારી / ડ્રાઇવર / સેવક ઘેર આવતો. તમારી ખુશામત કરતો ત્યારે ગમતું ને ? આજે કેમ એ પાસે નથી ? આજે દૂરથી લટકતી સલામ કેમ કરે છે?

અરે, તમારાં જ પત્ની. એક સમયમાં તમારા બન્ને વચ્ચે હવાનું પડ પણ ન હતું. કેટલાં ચાહતાં હતાં તમે એકમેક ને ! ને હવે તકરાર કરી અપમાન કરે છે. એવું જ પતિનું થતું હશે. તમે પત્ની હો તો પતિને એમ કરતાં હશો. તમે છાનાં ડૂસકાં લેતાં હશો.

તો પછી આ ટુકડાઓમાં આપણું પ્રતિબિંબ કેમ એકસરખુ રહ્યું નહિ ?કેમ આપણી સાચી લાગણી પણ ઝિલાઈ નહિ ? કેમ પતિ કે પત્ની, જેને સર્વસ્વ સોંપ્યું, તે જ તકરાર, કલેશ કરે છે ? એટલે કે કેમ કાચનો ટુકડો નજીક રહેવા છતાં પણ સરખું પ્રતિબિંબ નથી પાડતો? દષ્ટિભેદ કેમ થયો? અને—

આ બધું બને છે ત્યારે મૂળ પ્રશ્ન એ છે કે આપણને દુઃખ કેમ થાય છે? પ્રતિબિંબ જુદાં પડે છે કારણ કે—

જોનારના 'સ્વાર્થ' બદલાય છે, જોનારના હેતુ, ઇરાદા બદલાય છે. જોનારની એષણાઓ, જોનારની આરજૂ બદલાય છે.

(અનુસંધાન પાન ૭ પર)



## પ્રમુખશ્રીની કલમે

મારા વ્હાલા જ્ઞાતિજનો, ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, સમાજના સર્વે દિલેર દાતાશ્રીઓ, વિદેશમાં વસતા આપણા સર્વ સ્નેહીજનો તથા આપણા નવા પ્રોજેક્ટ બિલ્ડીંગ માટે સંવેદનશીલ બધા જ હિતેચ્છુઓને દિલથી આવકારું છું.

અમદાવાદના એલિસબ્રીજ, નવરંગપુરા પોષ વિસ્તારમાં તૈયાર થઈ રહેલ આપણું નવું અગિયાર માળનું વિદ્યાર્થીગૃહ હાલ પ્રગતિમાં છે. જેના બે મજલા અને ભોયરું તૈયાર થઈ ગયેલ છે. તથા ત્રીજા માળનું બાંધકામ પુરજોશમાં ચાલી રહ્યું છે. હાલ પુરતા આપણા વિદ્યાર્થીઓ આ વિદ્યાર્થીભવનમાં નિવાસ કરી શકે તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૫ના આખર સુધીમાં આ ભવન છ માળનું સંપૂર્ણ સગવડતાવાળું અને સાથે બેંકેટ હોલ અને ડાયનીંગ હોલ પણ તૈયાર થઈ જાય તેવું આયોજન છે. આ હોલ આજના સમયને ધ્યાનમાં લઈ એરકંડીશન અને સંપૂર્ણ સગવડતાવાળા બની રહ્યા છે. ભોંયરામાં એક સાથે વીસ ફોરવ્હિલર તથા ટુ વ્હિલર રહી શકે તેવી વ્યવસ્થા રાખવામાં આવી છે. આપણે આશા રાખીએ કે ૨૦૨૬ના નવા વર્ષમાં આપણે ઉદ્‌ઘાટન રાખી આખા વાળંદ સમાજને આમંત્રણ આપનાર છીએ. હવે અગત્યની વાત એ કરવાની છે કે વિદેશાં વસતા ખાસ કરીને અમેરિકા, યુ.કે., આફ્રિકાના સક્ષમ દાતાઓ તરફથી સારો પ્રતિભાવ મળી રહ્યો છે. જે અંગે હું જાન્યુઆરી માસના પ્રથમ અઠવાડીયામાં અમદાવાદ આવનાર છું તે સમયે વિગતે ચર્ચા કરી આપની સામે અહેવાલ રજુ કરીશ. જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં રૂપિયા ૧૧ કરોડ ભેગા કરવાના છે. આ માટે સંગઠિત થઈ સમાજના હર કોઈ વ્યક્તિનું પ્રદાન મળે તેવું આયોજન કરવાનું છે.

નવા ભવનના છ માળ, ભોંયરું તથા બે બેંકેટ હોલ ઉપર નામાભિધાન માટે રૂપિયા એકાવન લાખના દસ દાતાઓના નામ અલગ તારવવાના છે. તેઓશ્રી પાસે રૂબરૂ મુલાકાત લઈ પર્યાપ્ત દાન મેળવવા માટે પ્રયત્ન કરવાનો છે. સાથે સાથે વિદ્યાર્થીઓ માટે હાલ તૈયાર થનાર ૫૪ રૂમ ઉપર રૂપિયા પાંચ લાખ એકાવન હજારના નામાંકન માટે દાતાઓ અલગ રીતે તારવવાના છે. જેમની પાસેથી યથેચ્છા દાન મેળવવાનું છે. આપણા સમાજના જુદા જુદા જથ, ગોળ વગેરેને જે તે જિલ્લા મથકે ભેગા કરી ઓછામાં ઓછા પાંચ લાખ એકાવન હજારનું યોગદાન મેળવવા માટે આયોજન કરવાનું છે. આ માટે દરેક સમાજના ગોળ, જથના પ્રમુખશ્રી, મંત્રીશ્રી સાથે સંપર્કમાં રહી વર્ષ ૨૦૨૫ના ડિસેમ્બરના અંત સુધીમાં દાન મેળવવા આગ્રહ રાખવામાં આવનાર છે.

આ સંસ્થામાં સને ૧૯૫૭થી ૨૦૨૦ સુધી લગભગ પાંચ હજાર વિદ્યાર્થીઓ નિવાસ કરી અભ્યાસ કરેલ છે તથા તેઓ હાલ ડૉક્ટર, પ્રોફેસર, શિક્ષક, વકીલ, ઉદ્યોગપતિ તથા સરકારમાં સારો હોદ્દો ધરાવે છે તેમના માટે ઋણભાર અદા કરવાનો સમય આવ્યો છે. આવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું અલાયદું સંમેલન બોલાવી સારા એવા દાનની અપેક્ષા રાખવામાં આવે છે.

પાંચ શહેરો જેવા કે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, મહેસાણા, પાલનપુર ખાતે આપણા હેરકટીંગ સલૂન એસોશીએશનના હોદ્દેદારોને વિનંતી કરવાની કે યથેચ્છાયોગદાન એકત્રીત કરી આપણા શૈક્ષણિક સંકૂલમાં યોગદાન આપી/અપાવી ઉપયોગ થાય તેવી વિનંતી છે. આ સંસ્થા ગુજરાતના ઉમરગાંવથી અમરેલી અને નલીયાથી નારેશ્વરમાં વસતા આપણા સમાજની સંસ્થા છે. જેથી હરકોઈ સમાજ બંધુ પોતાની ક્ષમતા મુજબ ઓછામાં ઓછું રૂપિયા પાંચ હજાર એકસોનું દાન આપી / અપાવે તેવી વિનંતી છે.

સને ૨૦૨૫ના નવા વર્ષની શરૂઆતથી દાન મેળવવાની ઝુંબેશ શરૂ કરનાર છીએ. આ અંગે આપણું કોઈ માર્ગદર્શન કે સૂચન હોય તો જરૂરથી અમને મોકલી આપવા વિનંતી છે. હવે માત્ર એક જ ધ્યેય છે કે આપણું આ નવું વિદ્યાર્થીભવન આપણી શાન, બાન બની રહે તે એક મહેચ્છા છે.

છેલ્લા બે વર્ષથી આપણી ઓફિસ પડોશી સૌરાષ્ટ્ર

પટેલ છાત્રાલય ખાતે કાર્યરત છે. આ સંસ્થાના પ્રમુખ, મંત્રી તથા ટ્રસ્ટીશ્રીઓનો આભાર વ્યક્ત કરું છું કે તેઓશ્રીઓએ વિના ભાડે ખૂબ ઉમદા સગવડતાઓ આપી છે. પડોશી ધર્મનો ઉમદા દાખલો બેસાડ્યો છે. જેની નોંધ આપણો સમાજ લઈ રહ્યો છે. આપણી આ ઓફિસ નવા બનનાર સંકુલમાં ગ્રાઉન્ડફ્લોર ખાતે નજીકના દિવસોમાં ખસેડનાર છે. સૌની શુભેચ્છા ઇચ્છીએ છીએ.

**આપનો**
**વિપુલ વી. દલાલ**
**પ્રમુખ, ગુજરાત વાળંદ સેવા સંઘ**

## ગુજરાત વાળંદ સેવા સંઘના નવિન બિલ્ડીંગ માટે ડિસેમ્બર-૨૦૨૪ માસમાં

### જમા થયેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૧,૦૭,૧૦૦/- | સ્વ. વિજયાબેનના સ્મરણાર્થે શ્રી ધર્મપાલ નારાયણભાઈ મિસ્ત્રી, ઊંઝા |
| ૫,૧૧૧/- | નટવરભાઈ બી. શર્મા, ગાંધીનગર |
| ૫,૦૦૦/- | વિનોદભાઈ વીરચંદભાઈ લીંબાચીયા,ઐઠોર |
| ૧,૦૦,૦૦૦/- | દિલીપભાઈ જે. વાઘેલા, સુરત |
| ૫,૦૦૦/- | કીર્તિભાઈ અમીચંદ નાયી, ડીસા |
| ૧૧,૦૦૦/- | વિષ્ણુભાઈ સોમાભાઈ લિંબાચીયા, વડોદરા |
| ૫,૧૦૦/- | હસમુખભાઈ ગોરધનભાઈ પારેખ, અમદાવાદ |
| ૧૧,૧૧૧/- | તેજલ બાલકૃષ્ણ મંગળભાઈ પનારા, કોરડા, તા. કડી |
| ૧૧,૧૦૧/- | સ્વ. ઇચ્છાબેન ચતુરદાસ લીંબાચીયાના સ્મરણાર્થે નવિનભાઈ ચતુરદાસ લીંબાચીયા, અમદાવાદ (ધીણોજ) |
| ૧૧,૦૦૦/- | નેહાબેન ભાવિનકુમાર પારેખ, અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | કૃષ્ણકાંત ડાહ્યાભાઈ પારેખ, અમદાવાદ |
| ૧૧,૧૧૧/- | મહેન્દ્રભાઈ બાલુભાઈ આગણોજા, અમદાવાદ |

માનવંતા દાતાશ્રી તથા દાન માટે પ્રેરણારૂપ બનનાર સહુનો ગુ. વા. સેવા સંઘ આભાર વ્યક્ત કરે છે.

સંકલન : ભાનુભાઈ એન. વૈદ્ય,
મંત્રી, ગુજરાત વાળંદ સેવા સંઘ

## તંત્રીશ્રીની કલમે...

મન, આત્મા, બુદ્ધિ અને શરીર અંગે મહાત્મા વિદુરજીએ ભગવાન શ્રી કૃષ્ણને જિજ્ઞાસાપૂર્વક જે સવાલો કર્યા તેના ભગવાન શ્રીકૃષ્ણે જે જવાબો આપ્યા તે સમજવા જેવા છે. આમ તો ઉધ્ધવજી શ્રીકૃષ્ણના કાકાના પુત્ર થાય જેઓ તત્ત્વજ્ઞાની અને બ્રહ્મસંપન્ન હતા. તેઓ શ્રીકૃષ્ણ સાથે આત્મિય સંબંધ ધરાવનાર એવા એમના સલાહકાર, સંદેશવાહક અને રહસ્યમંત્રી હતા.

ઉધ્ધવજી પૂછે છે કે મનુષ્ય જીવનમાં પૂર્ણ શાંતિનો અનુભવ કેવી રીતે અને ક્યારે થાય ? આજે જગતમાં સહું કોઈ શાંતિ શોધે છે. મોટા ભાગની વ્યક્તિઓનું જીવન અશાંતિથી પારાવાર પીડાઈ રહ્યું છે ત્યારે બ્રહ્મજ્ઞાની ઉધ્ધવજીને ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે દુઃખનો નાશ કરવા માટે મનને વશ કરવું આવશ્યક છે. મન સિવાય આ જગતમાં બીજું કોઈ દુઃખદાયક નથી. મન અતિશય ચંચળ છે. તે સહેજમાં નિશ્ચળ નહીં થાય. મનને વિવેકની બેડીથી અહર્નિશ બાંધેલું રાખવું. મન વિકલ્પ કરે કે મનને શિક્ષા કરનાર વિવેક સાથે જ જઈને તેનો વિકલ્પ છોડાવે. મન અધર્મમાં પ્રવૃત્ત થાય કે વિવેક તેને અટકાવે. મન કામ ક્રોધની પાસે જાય કે વિવેક તેને પકડી રાખે. મન નિંદા કરે કે વિવેક તેને સીધું દોર કરે. મન વિષયોમાં દોડે કે વિવેક તેને સીધું દોર કરે. મન વિષયોમાં દોડે કે વિવેક એના પર વૈરાગ્યરૂપી લાકડીથી પ્રહાર કરે.

**असंशय महाबाहो मनो दुर्निग्रहं चलम् ।**
**अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ।।**

નિસંદેહ મન ચંચળ તેમજ મુશ્કેલીથી વશ થનારું છે છતાં પણ એ અભ્યાસ અને વૈરાગ્ય વડે વશમાં થાય છે. (ભગવાના નામ અને ગુણોનું શ્રવણ, કીર્તન, મનન તેમ જ શ્વાસ દ્વારા જપ અને ભગવત્પ્રાપ્તિ વિષયક શાસ્ત્રોનું પઠન પાઠન આદિ પ્રયત્નો ભગવત્પ્રાપ્તિ માટે વારંવાર કરવાનું નામ અભ્યાસ છે. વૈરાગ્ય એટલે ભૌતિક ભોગો પ્રત્યે ઉદાસીનતા) આ અભ્યાસ અને વૈરાગ્યથી દેહભાન જતો રહે છે. ને આત્મા આત્મભાવમાં સ્થિર થાય છે. પૂર્ણ બ્રહ્મસ્વરૂપનું જ્ઞાન થયા પછી મનનું મનપણું રહેતું નથી. એવી વિવેકરૂપી યુક્તિથી પરમાત્મામાં મનને પ્રવેશ કરાવીને ત્યાંથી ચલાયમાન ન થવા દેવું તેનું નામ મનોનિગ્રહ છે.

મનોનિગ્રહ કરી લેવાથી, ઉત્પન્ન થયેલી ભેદબુદ્ધિનો ભ્રમ દૂર થાય છે અને અદ્વૈતભાવમાં સ્થિતિ કરે છે. આમ યોગસંગ્રહથી પૂર્ણ શાંતિ હસ્તગત થવાથી સુખ દુઃખ આદિ દ્વંદોના બંધન રહેતા નથી.

ઉધ્ધવજી સવાલ કરે છે કે મન વિષયમાં જાય છે કે વિષયો મનમાં જાય છે ? કોણ પહેલું ક્યાં જાય છે. તેનો તાગ મેળવવો છે. એના ઉત્તરમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે 'પહેલાં મન વિષયમાં જાય છે. મન વિષયોનું ચિંતન કરતાં કરતં વિષયાકાર બને છે અને ત્યારે વિષયો સૂક્ષ્મરૂપે મનમાં આવે છે. ઉધ્ધવ, વિષયો મનમાં આવે એ જ બંધન કહે છે. ઉધ્ધવ, તારા મનને તું સાચવજે. વાણી ઉપર તું અંકુશ રાખજે. સંસારનું ધ્યાન કરવાથી જે મન બગડ્યું છે તે મન પરમાત્માનું ધ્યાન કરે તો સુધરે છે.'

ઉધ્ધવજી શ્રીકૃષ્ણને પૂછે છે કે દરિદ્રનું લક્ષણ શું છે ? શ્રીકૃષ્ણ એનો માર્મિક ઉત્તર આપે છે કે 'જે અસંતુષ્ટ છે એ જ દરિદ્ર છે. જે અજિતેન્દ્રિય છે તે કૃપણ છે. જેની પાસે કોટિ ધન હોવા છતાં તેને સંતોષ નથી તે મહા દરિદ્ર છે. જે પેટ પૂરતું ખાતો નથી અને સદા લોભવૃત્તિ રાખે છે તે પણ દરિદ્ર છે. જેની પાસે ધન નથી છતાં નિરંતર સંતોષથી રહે છે તે ખરેખરો સંપન્ન છે. રાજાના નોકરની માફક જે ઇન્દ્રિઓનો દાસ થાય છે તે કૃપણ છે.'

ઉધ્ધવજી શ્રકૃષ્ણને પૂછે છે કે આ જગતમાં આપની દષ્ટિએ સુખી કોણ અને દુઃખી કોણ ? પંડિત કોણ અને મૂર્ખ કોણ ? એના ઉત્તરમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે

'સકળ સામ્રાજ્યનો વૈભવ મળે કે ચૌદ ભુવનનો વિલાસ મળે, તેમ છતાં તે તરફ જુએ નહી એવી નિરપેક્ષતા તે જ ખરી લક્ષ્મી છે. સુખ ને દુઃખ બંનેને ગાળી સ્વાનંદ તે જ ભોગવે છે તેનું નામ સુખ છે. બંધન તથા મોક્ષને માત્ર અનુમાનથી નહીં પણ અલૌકિકપણે જાણનાર પંડિત છે. જેને શાંતિ, સમાધાન અને મોક્ષનું યથાર્થ જ્ઞાન છે તે પંડિત છે. નશ્વર દેહમાં અહંબુદ્ધિ જેને છે તે જ ખરો મૂર્ખ છે. દેહની ઉત્પત્તિ ને બુદ્ધિ મલિન પદાર્થથી થઈ છે, વિષ્ટા, મૂત્ર, અસ્થિ ને ચર્મ વગેરેથી બનેલા દેહને પોતાનું સ્વરૂપ માની પ્રસન્ન થનાર મુર્ખ છે.'

એક વિશેષ જિજ્ઞાસા પ્રગટ કરતા જ્ઞાની ઉધ્ધવજી કહે છે કે સ્થૂળ અને સૂક્ષ્મ દેહથી અળગો એ આત્મા કેવો છે ? તેના ઉત્તરમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે 'જેમ દાહક અને પ્રકાશક અગ્નિ દાહ્ય અને પ્રકાશ્ય લાકડાથી જુદો છે તેમ સ્વપ્રકાશ આત્મા દશ્ય અને જડ એવા સૂક્ષ્મ દેહથી વિલક્ષણ છે. કાષ્ઠની સાથે કાષ્ઠને ઘસવાથી અગ્નિ પ્રગટ થઈ કાષ્ઠને બાળે છે તેમ બ્રહ્મજ્ઞાનનો પ્રકાશ થાય છે કે દેહભાવના બળી જાય છે. અગ્નિ કાષ્ઠમાં વ્યાપક છે છતાં કાષ્ઠના યોગે તેને નામરૂપ, જન્મ વગેરે વિકાર પ્રાપ્ત થાય છે તેમ આત્મા નિત્ય વ્યાપક હોવા છતાં દેહયોગે તેમાં ભ્રમથી વિકાર જણાય છે. આ જ દષ્ટાંતથી આત્માનું નિયત્વ, અનાદિત્વ, વિમુક્તત્વ, એકત્વ ઇત્યાદિ સિદ્ધ થાય છે.'

**અરવિંદભાઈ એસ. વૈદ્ય**

---

**(પાન ૪નું અનુસંધાન - જ્ઞાનગંગા)**

ચાલો, એ પણ ઠીક - સંસાર છે, માયા છે. આ બધું તો થવાનું જ.

પણ દુઃખ કેમ થાય છે?

દુઃખ થાય છે આપણા અહંકારને કારણે. દ્રષ્યમાં હતા ત્યારે ભ્રમજનક આનંદ હતો પણ દેખાયો નહીં, અહંકારના કારણે. દશ્યમાં રહ્યા ત્યારે જ નિર્લેપ રહ્યા હોત ને સાક્ષીભાવે માયા જોયા કરી હોત, તો દુઃખ ન પહોંચત.

હા, સંસારમાં છીએ એટલે દશ્યમાં હોવું પડે, પણ એ વેળા જો એમાંથી 'અહમ્" નીકળી જાય તો સુખ જ સુખ !

એટલે શું થાય?

કોઈ ટુકડો વખાણ કરે તોયે નિર્લેપ થાઓ. એટલે આસક્તિ પાસે આવે જ નહિ !

કોઈ ટુકડો 'તમે જ છો સર્વસ્વ' કહે ત્યારે માની ન લો, ને પ્રેમના ભ્રમમાં ન પડો, જોયા કરો. તો પ્રેમ-ભગ્નતા પામશો નહિ.

કોઈ ટુકડો સત્તા હોવાથી સેવક-પણું કરે ત્યારે સમજો, પણ વખાણથી ખુશ ન થાઓ તો તમે છેતરાશો નહિ.

દ્રષ્યમાં હોવ ત્યારે તમે જ તમારા દર્શક બનો. અહંકાર ન પ્રવેશે તે બાબતે જાગૃત રહો.

નિવૃત્ત થશો ત્યારે દશ્યમાંથી નીકળશો. નિવૃત્તિ પછી માણસ જલ્દી મરે છે કેમ કે દશ્યમાં હતા, ત્યારે બધા પૂછતા, બધા પાસે આવતા, બધા બોલાવતા, પણ દ્રશ્ય ખતમ થયું. લોકો દૂર રહેવા લાગ્યા, તેથી અહંકાર ઘવાયો.

દ્રષ્યમાં હોવા છતાં પણ ન હોવું એ જ છે સાક્ષીભાવ. એ જ છે અહંકારનું નિરસન. ને છતાંય દ્રષ્યમાંથી ખસીએ, ખંડિત કાચના ટુકડાઓમાં દેખાવાની ખુશી, ભ્રમ, વહેમ, માયા છોડીયે ને પછી ભલે દ્રષ્યમાં રહી સાક્ષીભાવે કર્મ કરીએ.... એ છે સ્વ વિકાસનો માર્ગ...!!!

**- જય સચ્ચિદાનંદ**

# પ્રાદેશિક સમાચાર

## શ્રી ચુંવાળ પાંચ પરગણા વાળંદ સમાજ ટ્રસ્ટ અને સમાજ આયોજિત પંચોત્સવ સમારોહ

શ્રી ચુંવાળ પાંચ પરગણા વાળંદ સમાજ ટ્રસ્ટ આયોજિત પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજની જન્મજયંતિ ઉજવણી સાથે તેજસ્વી તારલા, નિવૃત્ત કર્મચારી, વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર શ્રેષ્ઠ રત્નો અને સમાજ ગૌરવનો સન્માન સમારોહ અને જ્ઞાતિબંધુઓનું સ્નેહમિલન એમ પંચોત્સવ તા. ૭-૧૨-૨૦૨૪ને શનિવારના રોજ સવારે ૯-૪૦ કલાકેથી બપોરે ૧-૦૦ કલાક સુધી 'ટાઉન હોલ' કડીમાં વિશાળ સંખ્યામાં ભવ્ય રીતે યોજાઈ ગયો.

**'બિંદુઓ મળ્યાં છે આસ સિન્ધુના આકારમાં**
**ભવ્યતાનું રૂપ જોઈલો, એક બીજાના સહકારમાં.'**

આ કાર્યક્રમ યોજાયો તેમાં સમાજનો સહકાર, પ્રેરણા, હૂંફ અને માર્ગદર્શન મળ્યાં. શ્રી ચુંવાળ વાળંદ સમાજ, કડીનો સહયોગ અને દાતાઓના દાનથી આ કાર્યક્રમ ખૂબ સારી રીતે યોજાયો. આવતા મહેમાનોનું શરણાઈના સૂર અને ઢબૂકતા ઢોલ સાથે ગુલાબની પાંખડીઓથી મહેમાનોને આવકાર્યા. ઉગતા સૂર્યના કોમળ કિરણોએ પણ મહેમાનોનું સ્વાગત કર્યું. સર્વે જ્ઞાતિબંધુઓ ભાવવિભોર બન્યા અને વાતાવરણ અવર્ણનીય રહ્યું.

કાર્યક્રમનો આરંભ રાષ્ટ્રગીતથી થયો એમાં સૌનો રાષ્ટ્રપ્રેમ દેખાયો. ઉદ્‌ઘાટક શ્રી હરજીવનદાસ શિહોરા અને શ્રી ભરતભાઈ પારેખ તથા ઉર્વશીબહેન દીપ પ્રગટાવ્યો. સાથે અન્ય મહેમાનોએ પણ સહયોગ આપ્યો.. 'મા' લિમ્બચની જ્યોત પ્રગટી, તાલીઓના નાદથી હર્ષ પ્રગટ કરવામાં આવ્યો. 'લિમ્બચ માતા' અને 'ભારત માતા'ના બુલંદ અવાજે જયઘોષ કરવામાં આવ્યો..

ઉદ્‌ઘાટક દર્શનાબેન શિહોરા (આચાર્યશ્રી, શિહોર હાઈસ્કૂલ)એ ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ મા સરસ્વતીની પ્રાર્થના પોતાની આગવી શૈલીમાં રજૂ કરી. તે પછી નાનકડી બાલિકા 'સૃષ્ટિ'બેને અભિનય સાથે સ્વાગતગીત દ્વારા સ્વાગત કર્યું. મહેમાનો તેમજ જ્ઞાતિબંધુઓ ખૂબ જ પ્રભાવિત થઈ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી.

ટ્રસ્ટ પ્રમુખ શ્રી વિનોદભાઈએ પુષ્પશબ્દોથી સ્વાગત પ્રવચનથી સૌને આવકાર્યા. ઉપસ્થિત મહેમાનોમાં ખાસ કરીને કડી નગરપાલિકાના પ્રમુખ તેમજ ઉપપ્રમુખનું 'ફૂલહાર' અને 'ભાગવત ગ્રંથ'થી ટ્રસ્ટ પ્રમુખ અને ટ્રસ્ટ મંત્રીએ અતિ ભાવથી સન્માન કર્યું.

સમારંભના અધ્યક્ષ સંજોગો વસાત આવી શક્યા ન હતા છતાં તેઓનું યોગદાન ૪૧,૦૦૦/- રૂ. જાહેર કરવામાં આવ્યું. ઉપાધ્યક્ષ શ્રી દિલીપભાઈ ધીરુભાઈ (ગોરજ) કે જેઓએ ૫૧,૦૦૦/- રૂ. ભોજનદાન પેટે આપ્યા. તેઓશ્રીનું સન્માન ફૂલહાર, ભાગવત ગ્રંથ અને શક્તિનું પ્રતિક 'તલવાર' વડે ટ્રસ્ટીઓએ ખૂબ ઉત્સાહથી કર્યું. દિલીપભાઈને ખૂબ ખૂબ ધન્યવાદ.

સમાજના ઉદ્‌ઘાટક હરજીવનદાસ શિહોરા, શ્રી ભરતભાઈ પારેખ તેમજ તેમનાં ધર્મપત્નિ ઉર્વશીબેન પારેખનું પણ 'ભાગવતગ્રંથ' તેમજ ફૂલહારથી સન્માન કરવામાં આવ્યાં. તેઓએ પણ ટ્રસ્ટની સેવાઓથી પ્રભાવિત થઈ ૧૧,૦૦૦/- રૂ. હરજીવનદાસ શિહોરાએ તેમજ શ્રી ભરતભાઈએ પણ ૧૧,૦૦૦/- રૂ. આપી ટ્રસ્ટના ઉત્સાહમાં વધારો કર્યો..

ડરણ નિવાસી ઉદારદાની એવા શ્રી રાજેશભાઈ પટેલ અને મોમેન્ટોના દાતાશ્રી ધરમશીભાઈ દેસાઈનું પણ સન્માન કરવામાં આવ્યું. શ્રી ધરમશીભાઈ દેસાઈએ ૧૫,૦૦૦/- રૂ. તેમજ શ્રી રાજેશભાઈ પટેલે તા. ૮-૨-૨૦૨૫ના રોજ યોજાનાર સમૂહલગ્નમાં 'ભોજનદાતા' તરીકે દાન આપવાની જાહેરાત કરી. માન. શ્રી ધરમશીભાઈ દેસાઈએ આવતા વર્ષે ઈ.સ. ૨૦૨૫માં યોજાનાર તેજસ્વી તારલા સન્માન સમારોહના 'ભોજનદાતા'ની જાહેરાત કરી. સૌએ તાલીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા.

વિશિષ્ટ સન્માનિત મહેમાનોમાં ઉપસ્થિત રહી શક્યા ન હતા છતાં માન. નવનીતભાઈ લખતરિયાએ ૨૧૦૦/- રૂ., શ્રી નારણભાઈ આર. પારેખ ૧૧,૦૦૦/- રૂ., શ્રી રસિકભાઈ લખતરિયા અને દલસુખભાઈ લખતરિયાએ પણ ૫,૧૦૦/- રૂ. જાહેર કર્યા. શ્રી

ગોપાળભાઈ કે. વાળંદ (પ્રમુખશ્રી બાવન ગોળ) ૫,૧૦૦/- રૂ. અને સહદેવભાઈ વાળંદે (ટ્રસ્ટીશ્રી) ૧૧,૦૦૦/- રૂ. યોગદાન આપ્યું. શ્રી મહેન્દ્રભાઈ પારેખ પણ ૫,૧૦૦/- રૂ. સહયોગ આપી આભારી થયા.

મુખ્ય મહેમાન શ્રી કરમસીભાઈ દેસાઈએ ૧૧,૦૦૦/- રૂ. પત્રિકાના સૌજન્ય પેટે આપ્યા. શ્રી ઈશ્વરભાઈ દેસાઈ (પૂર્વ તા. પં. ડેલીકેટ) શ્રી નારણભાઈ પટેલ (નિ. શિક્ષક), શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય, શ્રી લક્ષ્મણભાઈ પી. વાળંદ ઉપરોક્ત મહેમાનોએ રૂ. ૫૦૦૦/- આપી સૌને પ્રોત્સાહિત કર્યા. શ્રી હિતેષભાઈ એન. વાળંદ દરેક વિદ્યાર્થી તેમજ મહેમાનોને ક્રોસબેગ આપી. સૌ મહેમાનોનું પુષ્પગુચ્છ અને ભાગવત ગ્રંથથી સન્માન કર્યું. ઉપપ્રમુખ ભરતભાઈ વડોદરિયાએ પણ યોગદાન આપ્યું.

અતિથિ વિશેષ શ્રી અજયસિંહ ઝાલા, શ્રી રાજુભાઈ પટેલ, શ્રી સંજય બી. પટેલ, શ્રી લાલજીભાઈ પટેલ, શ્રી લાલાભાઈ દેસાઈ, શ્રી બાબુભાઈ એન. વડોદરિયા, ડૉ. વિનોદભાઈ પનારા, તેઓશ્રીએ ટ્રસ્ટના કાર્યમાં ૫,૧૦૦/- રૂ. આપી સહયોગ આપ્યો.

ઉપસ્થિત રહી શક્યા નથી એવા નાનુભાઈ જી. વાળંદ (વિસ્તરણ અધિકારી) શ્રી આત્મારામભાઈ વાળંદ, શ્રી શૈલેષભાઈ પારેખ વગેરે પણ યોગદાન જાહેર કર્યું હતું.

શ્રી ચુંવાળ વાળંદ સમાજના નાના ભૂલકાએ એટલે કે 'સૃષ્ટિ'ને અભિનય સાથે સ્વાગત ગીત નાની બાલિકાએ નૃત્ય રજૂ કર્યું. હર્ષે યોગાસન કરી સૌને મંત્રમુગ્ધ કર્યા. આપણા જ સમાજના ભાવિક લિમ્બાચિયા (ચંદ્રાસણ)એ સાઈબર ક્રાઈમ અંગે લોકજાગૃતિનો વિષય રજૂ કર્યો. ડૉ. અજયભાઈ શર્મા તેઓ પી.એચ.ડી. થયેલ છે. તેમજ GPSC અને UPSCના વર્ગો માણસા તેમજ કલોલમાં ચલાવે છે. વિદ્યાર્થીઓ અને વાલીઓને પોતાની સ્પીચ દ્વારા અભ્યાસ અંગેની માહિતી આપી ટેલેન્ટ વિદ્યાર્થીને મદદરૂપ થવાની ખાતરી આપી. માન. ભાનુભાઈ એન. વૈદ્યે આપણા સમાજના બાળકોને એટલે કે તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાની જાહેરાત કરી. તદ્ઉપરાંત ગુજરાત વાળંદ સેવા સંઘ આયોજિત શૈક્ષણિક ભવન, અમદાવાદ, ગુલબાઈ ટેકરા ખાતે જે બની રહ્યું છે તેમાં ફાળો આપી સહયોગી થવાની વિનંતી પણ કરી.

આપણા સમાજના ગૌરવસમા સેલટેક્ષ ઓફિસર, એલ.આઈ.સી. ડીઓ, પ્રિન્સિપાલ, નિયામક, ડૉક્ટર, પી.એચ.ડી., ક્લાસ ટુ ઓફિસર, બેંક મેનેજર, વિદેશ અભ્યાસ અર્થે ગયેલા હોંશિયાર વિદ્યાર્થીઓ તેમજ વાલીઓનું સન્માન કરવામાં આવ્યું. તેમને ભાગવત ગ્રંથ, મોમેન્ટો આપી સન્મિતિ કરવામાં આવ્યા.

લગભગ ૧૧૮ વિદ્યાર્થીઓને ગળામાં ચંદ્રક પહેરાવી, રોકડ રકમ, પુરસ્કાર આપી સન્માન કરવામાં આવ્યું. નિવૃત્ત થયેલા કર્મચારીઓનું હાજર રહ્યા હોય તેમને સાકર, ત્રાંબાનો લોટો, શાલ સન્માનપત્ર અને ભાગવત ગ્રંથ તેમજ નાળિયેર આપી સન્માન કરવામાં આવ્યું.

ભોજન વ્યવસ્થા પણ અતિ સુંદર હતી. ભાઈશ્રી જસુભાઈ, શ્રી નારણભાઈ, શ્રી રમેશભાઈ (ખાવડ જૂથ પ્રમુખ) શ્રી પરેશભાઈ, શ્રી મહાદેવભાઈ, શ્રી ગુણવંતભાઈ, શ્રી દશરથભાઈ, શ્રી રાજુભાઈ, શ્રી અશ્વિનભાઈ પનારા, શ્રી બિપીનભાઈ તથા તમામ ટ્રસ્ટીમિત્રોએ ખૂબ જ સહયોગ આપ્યો જેથી કરી કાર્યક્રમ સફળ થયો. બરાબર ૧૦.૦૦ વાગે ભોજન પ્રસાદ લીધો અને ખૂબ જ હર્ષભેર હસતા હસતા વિદાય થયા.

**(આ અહેવાલના ફોટોગ્રાફ પેજ નં. ૨૦ પર)**

**પ્રેષક : વિનોદભાઈ એન. વડોદરિયા, પ્રમુખશ્રી**

## સેન ક્રિકેટ એસોસિએશન

સેન ક્રિકેટ એસોસિએશન અંતર્ગત ઊંઝા સેન સમાજ દ્વારા ઊંઝાના જીમખાના મેદાન-૨ ખાતે તા. ૩-૧૧-૨૦૨૪થી ૬-૧૧-૨૦૨૪ સુધી ક્રિકેટ લીગ ૨૦૨૪ ટુર્નામેન્ટનું આયોજન કરેલ હતું. આ કાર્યક્રમના શુભારંભમાં ઉદ્ઘાટક જીમખાના ચેરમેન રાજેશભાઈ પટેલ તેમજ ઉદ્ઘાટન સમારંભમાં કોર્પોરેટર શ્રી અલ્કેશભાઈ એમ. પટેલ, અલ્પેશભાઈ જી. પટેલ, વિમલભાઈ ડી. પટેલ, પૂર્વ કોર્પોરેટર શ્રી અલ્પેશભાઈ એન. પટેલ તેમજ પ્રદેશ પ્રમુખ લીંબચ યુવા સંગઠન તથા પ્રમુખશ્રી ઊંઝા નાયી એસોસિએશન કલ્પેશભાઈ સી.

નાયી ઉપસ્થિત રહ્યા હતા.

ઊંઝા સેન સમાજ દ્વારા આયોજિત ક્રિકેટ લીગ ૨૦૨૪માં રાજસ્થાન, મહારાષ્ટ્ર તેમજ ગુજરાત રાજ્યમાંથી ટોટલ ૧૨ ટીમો પ્રતિભાગીએ ભાગ લીધેલ હતો.

## શ્રી ચંદુલાલ શેઠ, ઘુમાસણ



આદરણીય,

શ્રી ચંદુલાલ શેઠ... ઘુમાસણ વાસી એક અદના દિલેરી દાતા છે... કેળવણી અને શિક્ષણ અને તે હેતુ ને બર કરવાવાળી સંસ્થાઓમાં દાન તે તેમની ખાનદાની દાતારી છે. આપણા શૈક્ષણિક સંકુલ માટે એક રૂમના રૂપિયા ૫,૫૧,૦૦૦/-ની શખાવત કરી દાન માટેની ઉદારતા બતાવી છે તેનો સંસ્થા આભાર માને છે.

નાની છાસઠ સમાજ એક સંગઠિત ઉદાર અને કેળવાયેલ સમાજ છે.તે સમાજમાં સ્વ. આત્મારામ ડાહ્યાભાઈ શર્મા લાંઘણજ વાસી તેમજ સ્વ. કાલિદાસભાઈ લીમ્બાચીયા સાહેબ, જેવા અનેક, સુજ્ઞ શિક્ષણવિદ વડીલોના પાયાના પ્રયત્નોનું પરિણામ છે. શિક્ષણ માટે ખૂબ જાગૃત સમાજ છે. અત્યારે હાલ અમારી સલાહકાર સમિતીમાં જેઓ સમાવિષ્ઠ છે તેવા શ્રી મનીષભાઇ શર્મા(અક્ષર ટ્રાવેલ્સ), શ્રી હરગોવિંદભાઈ શર્મા (ઇટાદરા), શ્રી નટુભાઈ ઋષિ દેલવાડા (U.S), શ્રી ભીખુભાઇ નાઈ( ડિગુચા (US), સલાહ સેવામાં પોતાની ભૂમિકા અદા કરી રહ્યા છે.

શહેરના પોષ વિસ્તાર નવરંગપુરામાં આકાર લઈ રહેલું શૈક્ષણિક સંકુલ સમાજની ધરોહર સાબિત થશે અહીં શૈક્ષણિક અને અન્ય બહુવિધ સમાજ લક્ષી પ્રવૃતિઓ સમાવિષ્ઠ કરી શકાય તેમ છે. તેવી વિશાળ જગ્યા અને બાંધકામ કરવામાં આવી રહ્યું છે. સમાજના ઉત્કર્ષ ભવિષ્ય માટે સીમાચિહન સાબિત થશે.. માટે આર્થિક સામર્થ્ય તમામ સમાજોએ ભવિષ્યના સમાજની, ભવિષ્યની પેઢીના વિકાસ માટે ચિંતિત થઈ, પોતાની વિધાદાન જેવા સાત્વિક દાન માટે પોતાના ઉદાર ફાળા માટે સહભાગી થવું જ પડશે.

ઘુમાસણ ગામનો આ દાતાર પરિવાર, નાની છાસઠ સમાજનો સરમુકૂટ છે. નાની છાસઠમાં આવા ઘણા ખાનદાન પરિવાર રત્નો છે અને સમાજની પુષ્ઠ ભૂમિકા અદા કરી રહ્યા છે.

સમાજનું આ એક ઘરેણાં સમાન શૈક્ષણિક સંકુલ, સમાજનું એક અલૌકિક નજરાણું બની રહેશે.

આશા રાખું છું કે આપણે સર્વે ફૂલ, પાંખડી કે ગુલાબ યથાશક્તિ, યતકીંચન દાન કરી આ સંકુલને પૂર્ણરૂપે સાકાર કરી આપની દાનની સામાજિક ભૂમિકા અદા કરીએ.. સમાજના વિધાર્થીઓની શૈક્ષણિક કારકિર્દી નિર્મિત કરવા જ્ઞાતિગંગાના દાનની સરવાણી કરી, આપણી સામાજિક ફરજ અને જ્ઞાતિરૂણ અદા કરીએ..

શેઠ શ્રી ચંદુભાઈ નાઈ ઘુમાસણ વાસીનો તેમના સાત્વિક દાન બદલ ખૂબ આભારી છું...

સમાજના પરદેશ ખાસ કરીને UK ઓસ્ટ્રેલિયા, કેનેડા અને US વસતા આપણા તમામ ભાઈયો /બહેનો સક્રિય થાય તો? આ શૈક્ષણિક સંકુલના નિર્માણનું કામ સુપેરે પાર પડી જાય તેમ છે. સૌને અત્રે સક્રિય થવા વિનંતી કરૂં છું.

જય શ્રી સરસ્વતી.. જય શ્રી લીમ્બચ...

**શ્રી કાલિદાસભાઈ પારેખ**
**પ્રોજેક્ટ ચેરમેન**
**ગુજરાત વાળંદ સેવા સંઘ, અમદાવાદ.**

## લિંબચ યુવક કેળવણી મંડળ દ્વારા બાળકો સન્માનિત

**શ્રી લિંબાચીયા તેર સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળની મીટીંગ** તા. ૨૨-૯-૨૦૨૪ને રવિવારે સવારે દશ કલાકે ભાન્ડુ મુકામે આવેલ સમાજના હોલમાં મળી હતી જેમાં ટ્રસ્ટના નવીન હોદ્દેદારોની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવી છે.

પ્રમુખ-શ્રી જગદીશભાઈ એસ. લીંબાચીયા (તળેટી)
આજીવન પ્રમુખ-શ્રી કનુભાઈ એચ. નાયી (બામોસણા)
ઉપપ્રમુખ-શ્રી નરોત્તમદાસ એચ. લીંબાચીયા (પીંઢારપુરા)

ઉપપ્રમુખ-શ્રી સેંધાભાઈ એન. નાયી (બાલીસણા)
મંત્રી-શ્રી ગોવિંદભાઈ એ. લીંબાચીયા (લણવા)
સહમંત્રી-શ્રી રાજેશભાઈ એ. લીંબાચીયા (કામલી)
ખજાનચી-શ્રી મહેન્દ્રભાઈ જી. લીંબાચીયા (ટુંડાવ)
સંગઠનમંત્રી-શ્રી મનુભાઈ એચ. લીંબાચીયા (ડાભી)
આંતરિક ઓડિટર-શ્રી અતુલભાઈ જે. લીંબાચીયા (ઉંઝા)

**પ્રેષક : નરોત્તમભાઈ એચ. લિંબાચીયા (પિંઢારપુરા)**

## વૈદ્ય બળદેવપ્રસાદ પનારા (પરિચય)

વૈદ્યશ્રી બળદેવપ્રસાદ પનારાનો જન્મ ધ્રાંગધ્રા-સૌરાષ્ટ્રમાં તા. ૨૪-૫-૧૯૩૫ના રોજ થયો હતો. તેમણે હાઇસ્કૂલ સુધીનું શિક્ષણ વડોદરામાં અને આયુર્વેદનું શિક્ષણ ભાવનગરમાં પ્રાપ્ત કર્યું હતું. ૧૯૫૮માં આયુર્વેદ-વિશારદ, D.A.V. વૈદકીય સ્નાતક બન્યા. પછી તેમણે M.D.H.નો હોમિયો ડિપ્લોમા પણ મેળવ્યો. ત્યાર બાદ બે વર્ષ ગુજરાતના નામી વૈદ્યરાજોની હોસ્પિટલમાં R.M.O. તરીકે રહી, અનુભવ મેળવ્યો. ત્યાર બાદ સુરેન્દ્રનગર તથા ભાવનગર જિલ્લા પંચાયતોમાં વૈદકીય અધિકારી તરીકે સેવાઓ ૧૯૬૬ સુધી આપી. ત્યાર બાદ તેઓ કામદાર વીમા યોજનામાં જોડાયા અને હાલ પણ અમદાવાદમાં તેઓ ગુરુકુલ સામે પોતાનું 'મહર્ષિ આયુ ક્લિનિક' ચલાવી રહ્યા છે.

મહારાષ્ટ્ર તથા ગુજરાતનાં લગભગ ૬૦ જેટલાં નાનાં-મોટાં તમામ સામયિકોમાં તેમની વૈદકીય, ધાર્મિક, જ્યોતિષીય વાર્તા તથા ઇતર વિષયની અનેક કૃતિઓ છપાઈ છે. હાલમાં જનકલ્યાણ, જલારામ જ્યોત, નિરામય, નવનીત- સમર્પણ, નવચેતન, રંગતરંગ, જ્યોતિષ દીપ, ધર્મસંદેશ, ગુજરાત (દૈનિક), ગુજરાત-સાપ્તાહિક વગેરેમાં તેમની કૃતિઓ પ્રગટ થાય છે.

ગુજરાતી ઉપરાંત તેઓ હિન્દીભાષી પણ અનેક પત્રિકાઓમાં પોતાની કૃતિઓ આપે છે. જનકલ્યાણ તથા જલારામ જ્યોત જેવાં અનેક સામયિકોને કારણે શ્રી પનારા ગુજરાતીભાષી ૧૦ લાખ લોકોમાં પ્રસિદ્ધિ તથા યશ પામ્યા છે.

વૈદ્યરાજશ્રી પનારાની સાહિત્ય સેવા ઉપરાંત ગુજરાતમાં અનેક સ્થળે આયોજિત રોગનિદાન શિબિરો, વૈદકીય ચાર્ટ્સ પ્રદર્શનો, રેડિયો તથા ટી.વી. વાર્તાલાપો દ્વારા લોકોને તેમણે પ્રત્યક્ષ વૈદકીય માર્ગ-દર્શન સેવા આપી છે. તેમના વૈદકીય લેખો તથા પ્રગટ થયેલાં અનેક વૈદકીય પુસ્તકોએ અસંખ્ય લોકોની સુંદર સેવા કરી, તેમને નવજીવન આપેલ છે. તેમનાં તમામ પુસ્તકો અને લેખોમાં તેમના આયુર્વેદના અનુભવોનો નિચોડ હોઈ, તે સામાન્ય પ્રજાજનોને ખૂબ જ ઉપયોગી અને લાભપ્રદ બને છે.

**– મુકુંદ શાહ, તંત્રી : 'નવચેતન' માસિક**

## ગુજરાતના સિનિયર નાડીવૈદ્ય અને વૈદકીય લેખક વૈદ્યશ્રી બળદેવપ્રસાદ પનારાના કેટલાક વિશિષ્ટ સન્માનોની યાદી (વર્ષ : ૨૦૨૨થી ૨૦૧૪)

(૧) તા. ૨૬-૧૨-૧૯૯૯ સન્માનકર્તા : શ્રી અશોક શેઠ બ્રધર્સ (કાયમચૂર્ણ) ભાવનગર વિગત : તેમને "વસુંધરાની વનસ્પતિ" નામના વૈદકીય ઔષધિઓના ૩-ગ્રંથ લખી આપવા બદલ, લેખક તથા સન્માનીય વૈદ્ય તરીકે તેમણે યોજેલ "વસુંધરાની વનસ્પતિ ગ્રંથ"ના વિમોચન સમારંભમાં કાર્યક્રમમાં અનેક વૈદ્યરાજો તથા લોકોની વચ્ચે વૈદ્યરાજ પનારાનું મોમેન્ટો, પુષ્પાહાર અને શાલ દ્વારા સન્માન.

(૨) તા. ૦૭-૧૧-૨૦૦૪ સન્માનકર્તા : ભોપાલની જમના હર્બલ રિસર્ચ ફાર્માની આયુષ્માન પત્રિકા ના પ્રોપરાયટર - તંત્રી દ્વારા ફાર્મસી દ્વારા આયોજીત "ધન્વંતરિ જયંતી"ના સમારોહમાં વૈદ્યશ્રી પનારાનું પત્રિકાના વૈદકીય લેખ તથા ફાર્મસીની દવાઓના પ્રમોટર તરીકે સન્માનપત્ર, શાલ તથા પુષ્પહારથી કરાયું સન્માન.

(૩) તા. ૧૮-૧૨-૨૦૧૧ સન્માનકર્તા : સ્વામીનારાયણ ગુરુકુળ સંસ્થા – છારોડી (અમદાવાદ) (SGVP) તથા ઍકિટવ આયુર્વેદિસ્ટ ઓર્ગેનાઈઝેશન (A.A.0) દ્વારા આયોજીત ભવ્ય સમારોહ "આયુર્વેદ મહાયાત્રા પર્વ" (તા.૧૬, ૧૭, ૧૮, ડિસેમ્બર ૨૦૧૧) ના અંતે છારોડી – વિશ્વ વિદ્યાલય સભા હોલમાં અન્ય વૈદ્યોની સાથે વૈદ્ય પનારાનું "તામ્રપત્ર" શાલ, પુષ્પહાર તથા રોકડ-કવરની ભેટથી કરેલું સન્માન.

(૪) તા. ૦૯-૦૭-૨૦૧૭ સન્માનકર્તા : અખિલ

ભારતીય આયુર્વેદ મહા સંમેલન દિલ્હીની ગુજરાત પ્રદેશ વૈદ્ય મંડળની સંસ્થાના પ્રમુખ ડૉ. શ્રી દેવેન્દ્ર શાહ દ્વારા "ગુરુ પૂર્ણિમા" ના વૈદ્ય-સંમેલન દરમ્યાન વૈદ્ય પનારાનું "ભિષક-ગુરુ રત્ન" નામની પદવી રૂપી સન્માનપત્ર, શાલ તથા પુષ્પહારથી વિશિષ્ટ સન્માન કરાયું.

(૫) તા. ૨૫-૧૨-૨૦૧૭ સન્માનકર્તા : મીનિસ્ટ્રી ઓફ આયુષ – કેન્દ્ર સરકાર. ભારત તથા અખિલ ભારતીય આયુર્વેદ મહાસંમેલન – દિલ્હીની ગુજરાત પ્રદેશ વૈદ્ય મંડળ દ્વારા અમદાવાદના G.M.D.C. ખાતે તા.૨૨,૨૩,૨૪ ને ૨૫ ડિસેમ્બર-૨૦૧૭ના "આયુર્વેદ-પર્વ" નામના મહોત્સવના કાર્યક્રમમાં અન્ય વૈદ્યોની સાથે વૈદ્યશ્રી પનારાનું મોમેન્ટો, શાલ તથા પુષ્પાહારથી ગુજરાતના તત્કાલીન રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીજીના હાથે બહુમાન કરાયું.

(૬) તા. ૦૮-૦૩-૨૦૧૮ સન્માનકર્તા : અખિલ ભારતીય વૈદ્ય સંમેલન દિલ્હીની પ્રાંતીય શાખા – ગુજરાત પ્રદેશ વૈદ્ય મંડળ - અમદાવાદ દ્વારા આયોજીત વિક્રમ વર્ષ : ૨૦૭૪-૭૫ની "ધન્વંતરિ પ્રયોદશી" ના પૂજન સમારંભ દરમ્યાન વૈદ્ય પનારાનું ગુજરાતના વર્તમાન C.M. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા અખંડ આનંદ કોલેજના પ્રિન્સીપાલ શ્રી દીનેશ પંડયા દ્વારા "ધન્વંતરિ ગૌરવ" નામનો પુરસ્કાર (મોમેન્ટો), શાલ તથા પુષ્પહારથી સન્માન કરાયું હતું.

(૭) તા. ૦૧-૧૧-૨૦૨૧ ના રોજ ગુજરાત પ્રદેશ વૈદ્ય મંડળ દ્વારા આયોજીત "ધન્વંતરિ પૂજન" સમારોહ પ્રસંગે, સન્માનીય સિનિયર વૈદ્યરાજોના સન્માન કાર્યક્રમ દરમ્યાન; વૈદ્યરાજ બળદેવપ્રસાદ પનારાનું સર્વપ્રથમ સન્માન સમારંભના અતિથિ-વિશેષ તરીકે પધારેલા ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી રૂષિકેશ પટેલ દ્વારા તેમનું શાલ તથા પુષ્પહાર દ્વારા સન્માન કરાયું હતું.

(૮) તા. ૨૨-૧૦-૨૦૨૨ ના દિને "ગુજરાત પ્રદેશ વૈદ્ય મંડળ" - અમદાવાદ દ્વારા ધનતેરસના દિને આયોજત "ધન્વંતરિ પૂજન" સમારોહ દરમ્યાન ગુજરાતના કેટલાક સિનિયર વૈદ્યરાજોના "સન્માન કાર્યક્રમ" દરમ્યાન, સમારંભના અધ્યક્ષ અને સન્માનીય અતિથિ વિશેષ તરીકે બિરાજમાન R.S.S. ના લોકપ્રિય કાર્યકર્તા અને સંઘના મુખપત્ર "સાધના માસિક" ના તંત્રીશ્રી તથા એડવોકેટ શ્રી રસિકભાઈ ખમાર સાહેબના કરકમળ દ્વારા અમદાવાદના



નાડીવૈદ્ય તરીકે સુપ્રસિદ્ધ અને ગુજરાતના અગ્રણી સિનિયર એવા વૈદ્યરાજ બળદેવપ્રસાદનું શાલ તથા પુષ્પાહાર દ્વારા ભરચક વૈદ્ય સભામાં સન્માન કરાયું હતું.

(૯) વૈદ્યરાજ પનારાએ અમદાવાદ આકાશવાણી રેડિયો AIRમાં અનેકવાર વૈદ્યકીય બાબતો, વનસ્પતિઓ તથા સાહિત્યમાં પ્રકૃતિ વિશે પોતાના પ્રવચનો, લેખો વગેરે ૨૦૨૩ સુધી જે જ્ઞાનવર્ધક સાહિત્ય સેવા આપી હતી, તે બદલ AIR અમદાવાદ આકાશવાણીએ પોતાના ૭૫માં સ્થાપનાદિન પ્રસંગે રેડ ક્રોસ સોસાયટી (વાડજ) ખાતે તા. ૧૬-૪-૨૦૨૩ના રોજ અન્ય કલાકારોની સાથે, વૈદ્ય તરીકે માત્ર તેમને વિશિષ્ટ એવોર્ડ તથા અભિનંદન પત્ર આપી શાલ-પુષ્પહારથી તેમનું સન્માન કરવામાં આવેલ.

(૧૦) અમદાવાદની 'નીમા' નેશનલ ઇન્ટિગ્રેટેડ મેડિકલ એસોસિયેશન 'આયુષ મંત્રાલય' દ્વારા અમદાવાદના મણિનગર વિસ્તારમાં ત્રિદિવસીય આયુષ ઇંડિયા એક્સપોનું ભવ્ય આયોજન કરેલું. જેમાં ૧૪ જુલાઈ ૨૦૨૩ના રોજ વૈદ્યરાજના સન્માન સમારંભના કાર્યક્રમ દ્વારા વૈદ્યશ્રી બળદેવપ્રસાદને 'આયુર્વેદ શિરોમણિ' નામે ભવ્ય એવોર્ડ આપી, તેમણે આયુર્વેદ ક્ષેત્રમાં કરેલી ૬૦ વર્ષની સેવાને ધ્યાનમાં લઈને તેમું પુષ્પહાર, શાલ તથા એવોર્ડ મોમેન્ટો આપીને તેમનું ઉત્તમોત્તમ સન્માન કરવામાં આવેલ છે.

## ક્યાં છે ?

કૃષ્ણની ગીતાના કર્મના સિદ્ધાંતો ક્યાં ગયા ?
બાઈબલનો 'બા' અને ભાઈચારો ક્યાં ગયો ?
કુરાને શરીફની સાચી સરાફત ક્યાં ગઈ ?
વેદની વાણીને સમજો, ઈસુની સહાદત જાણો.
બાઈબલની દશ આજ્ઞાનું પાલન કરી જાણો.
કુરાનની કલમાને સમજી દિલમાં ઉતારો.
પરમ શાન્તિ અહિંસા છે યારો.
શાણા જન સમજીને ચાલે
કલ્યાણ માત્ર મારૂજ નહી સૌનું વિચારો
વિશ્વમાં ભારત લાગશે ન્યારોન્યારો.
બગીચો ફૂલોથી શોભે ફૂલ સુગંધથી સોહાય.
ફૂલોને કચડી ન નાખો તે સૌને શીર સોહાય.
માતૃભૂમિને મા સમજી રક્ષણ કાજે ઉભા રહો.
ભાઈ ભાઈનું દુ:ખ સમજીને સાથે તેની ઉભા રહો.

## BIO -DATA



**Personal Details**

| | |
|---|---|
| Name | : **Shani Natvarbhai Parekh** |
| Cast | : Hindu Valand (1100 Jath) |
| Date of Birth | : 30-1-1998 |
| Height | : 5' 7" |
| Weight | : 53 Kg. |
| Education | : MBBS, MD (Medicine) |
| Occupation | : Resident Doctor (R3) |

**Family Details**

| | |
|---|---|
| Father | : Natvarbhai Dhulabhai Parekh (B.Sc., B.Ed.) |
| Occupation | : Retired Government Teacher |
| Mother | : Sharmilaben Parekh (B.Com., LLB Special) |
| Occupation | : Housewife |
| Sister | : Rutvi Parekh (BE Computer Engineering) (Married, Ahmedabad) |
| Maternal | : Pritesh Parekh (MS Computer Science USA) |

**Contact Information :**

| | |
|---|---|
| Address | : 20/B, Deepprabha Park, Kailash Farm Road, Ganesh Chowkdi, Anand-388001 |
| Email | : parekhnatvarbhai62@gmail.com |
| Cell | : Father : +91-9428900646<br>Mother : +91-9427593538 |

## BIO -DATA



**Personal details**

| | | |
|---|---|---|
| Name | : | **Sharma Jaineshkumar Rajeshbhai** |
| Date of Birth | : | 6-9-1995 |
| Height | : | 5.5" |
| Weight | : | 60 kg. |
| Qualification | : | 12th I.T.I. |
| Job | : | Everest Parenterals (P) Ltd. (Nepal) |
| Hobby | : | Travelling, Music |

**Family Background**

| | | |
|---|---|---|
| Father | : | Rajeshbhai S. Sharma |
| Mother | : | Meenaben R. Sharma |
| Sister | : | Krupali R. Parekh (Married)<br>Komal R. Sharma |
| Mosal | : | Rinchol (Memdavad) |
| Address | : | Rajeshbhai S. Sharma<br>A/2/22, Yoginagar<br>Mission Road, Badhir<br>Vidhyalaya, Nadiad |
| Mobile | : | 6355508486 |

## BIO -DATA



**Personal Details**

| | | |
|---|---|---|
| Name | : | **Nikunj Parekh** |
| Date of Birth | : | 14-4-1990 |
| Height | : | 5.8 Weight 70 kg. |
| Diet | : | Vegetarian |
| Body Type | : | Average |
| Annual Income | : | Handsome |
| Education | : | M.Tech in Software Systems<br>BITS Pilani |
| Occupation | : | Lead Soeftware Engineer,<br>MNC Company of GIFT City,<br>Gandhinagar |
| Interest | : | Travelling, Listening to Music,<br>Watching Movies, Sports |
| Languages | : | English, Hindi, Gujarati |

**Family Background**

| | | |
|---|---|---|
| Father | : | Hasmukhbhai G. Parekh<br>Retd. Govt. Officer |
| Mother | : | Chandrikaben H. Parekh<br>(Housewife) |
| Sister | : | Urvashree Y. Limbachiya<br>(Govt. Officer in Bank) |
| Sister | : | Dipika H. Parekh<br>(Software Engineer) |
| Address | : | Kamal Duplex,<br>Opp. Sagar Society, Near SBI<br>Bank, Ahmedabad-382330 |
| Phone | : | +91-9898339202<br>+91-9016255181 |

# શ્રી લીમ્બજ સેવા સમાજ - વડોદરા (ગુજરાત) આયોજીત

## ૧૫ મો યુવા મેળો - ૨૦૨૪ તા. ૯-૨-૨૦૨૫ ના રવિવાર

લેટેસ્ટ પાસપોર્ટ સાઈઝનો ફોટો અહીં ચોંટાડવો.

મુખ્ય કાર્યાલય : શ્રી યોગેશભાઇ એફ. સાણપુરીયા, શોપનં. ૫, કલશ કોમ્પ્લેક્ષ, સાંઇનાથ માર્ગ,
જય જલારામ ફરસાણ સામે, વડોદરા - ૩૯૦૦૨૧. મો. : ૯૮૨૫૪૫૯૦૫૭
મળવાનો સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૫.૦૦ કલાકે E-mall : shreerangassoclate@gmall.com

| | | | |
|---|---|---|---|
| રજી. નંબર : | | ફોર્મ સ્વીકારનાર : | |
| યુવક નંબર : | | યુવતી નંબર : | |
| રૂ. ૩૫૦/- (યુવતી)<br>રૂ. ૪૫૦/- (યુવક) | રોકડા/ચેક/QR કોડ સ્કેન કરી મોકલવા<br>શ્રી લીમ્બજ સેવા સમાજ - A/c. No. : 01980100010048 | બેન્ક : બેન્ક ઓફ બરોડા | |
| ઉમેદવારનું નામ : | | જન્મ તારીખ : | |
| પિતા/વાલીનું નામ : | | જન્મ સ્થળ : | મોસાળ : |
| પત્ર વ્યવહારનું સરનામું : | | વતન : | ગોળ : |
| | | ઉમેદવારની માસીક આવક : | |
| | | કુટુંબની વાર્ષીક આવક : | |
| | | બ્લડ ગ્રુપ : | |
| ઉંચાઈ : | વજન : | અભ્યાસ : | |
| વ્યવસાય / નોકરીનો પ્રકાર અથવા હોદ્દો : | | | |
| મોબાઈલ : | | E-mail : | |
| નોકરી / વ્યવસાયનું સરનામું : | | | |

પસંદગીનું ધોરણ : ☐ ગામ ☐ શહેર ☐ ધંધો ☐ તબીબ ☐ વિદેશ ☐ અન્ય :

ઉમેદવાર : ☐ અપરણીત ☐ વિધવા ☐ ત્યકતા ☐ વિધુર

જન્માક્ષરમાં માનો છો ? ☐ હા ☐ ના | શનિ - મંગળ માટે આગ્રહ રાખો છો ? ☐ હા ☐ ના

ઉમેદવારને ખોડખાંપણ હોય તો તેની પસંદગીનું ધોરણ :

---

# શ્રી લીમ્બજ સેવા સમાજ - વડોદરા (ગુજરાત) આયોજીત

## ૧૫ મો યુવા મેળો - ૨૦૨૪ તા. ૯-૨-૨૦૨૫ ના રવિવાર

શ્રી / કુમારી ______________________

આપના તરફથી ૧૫ મા યુવા મેળા માટે ઉમેદવારી ફી રોકડા / ચેક / QR કોડ સ્કેન કરી ______________ મળેલ છે.

**ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૦/૧/૨૫ રહેશે. ત્યારબાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.**
**યુવકની સભ્ય ફી રૂા. ૪૫૦/- તથા**
**યુવતીની સભ્ય ફી રૂા. ૩૫૦/- આપવાની રહેશે.**

નાણાં સ્વીકારનાર : ______________

**નોંધ : દરેક ઉમેદવારે પોતાના બંન્ને (૨) ફોટા પાછળ નામ તેમજ મોબાઈલ નંબર અવશ્ય લખવો.**

## -: જીવનસાથી પસંદગી મેળામાં ઉમેદવારી નોંધાવવા ઉમેદવારે અનુસરવાના નિયમો :-

૧. ફોર્મ સાથે ઉમેદવારે પોતાનો પાસપોર્ટ સાઇઝ કલર ફોટા નંગ - ૨ મોકલવાના રહેશે.
૨. ઉમેદવારે પોતાની શૈક્ષણિક લાયકાત માટે માર્કશીટ, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ મોકલવાનું રહેશે.
૩. પ્રવેશ અરજીપત્રક સ્વચ્છ સુઘડ અક્ષરોમાં ખરી હકીકત હોય તે પ્રમાણે મોકલવાનું રહેશે.
૪. ઉમેદવારે જીવનસાથીની પસંદગી મેળાના દિવસે સ્થળે અને સમયે અચૂક હાજર રહેવાનું તથા ઓળખપત્ર મેળવીને શર્ટ/સાર્ડ/ડ્રેસ પર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે લગાડવાનું રહેશે.
૫. દરેક ઉમેદવારની સાથે એક-એક વ્યક્તિ હાજર રહી શકશે.
૬. ઉમેદવારે પ્રવેશપત્રક સાથે **યુવકે રૂા. ૪૫૦/-** તથા યુવતિએ **રૂા. ૩૫૦/-** રોકડા/ચેક / QR કોડ સ્કેન કરી મોકલવાના રહેશે.
૭. નોંધાયેલ ઉમેદવારને જ ઉમેદવારી પુસ્તિકા આપવામાં આવશે.
૮. ઉમેદવારોએ પોતાની પસંદગીના પાત્રો જો પસંદ હોય તો તેની જાણ વ્યવસ્થાપકોને કરવાની રહેશે. જેથી એકબીજાને રૂબરૂ મળવાની વ્યવસ્થા અત્રેથી ગોઠવી આપવામાં આવશે.
૯. ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૦/૧/૨૫ છે. જે ઉમેદવાર તા. ૨૦/૧/૨૫ પછી અથવા મેળાના દિવસે આવશે તેમને નક્કી કરેલ ફી ઉપરાંત રૂા. ૨૦૦/- વધારાના આપવાના રહેશે અને તેમનું નામ પુરવણિ પુસ્તિકામાં સામેલ થશે.
૧૦. સ્ટેજ પર આવીને ઉમેદવારે પોતાનો પરિચય ફોર્મમાં/પુસ્તિકામાં આપેલ વિગત પ્રમાણે અચૂક આપવાનો રહેશે.
૧૧. ઉમેદવારોએ અને તેમની સાથે હાજર રહેનારાઓએ શિસ્તમાં રહીને વ્યવસ્થિત રીતે વર્તવાનું રહેશે.
૧૨. ઉમેદવારને એક ભોજન પાસે સાથે તેના વાલીને બે (૨) ભોજનપાસ તથા છપાવેલ પુસ્તિકા વિનામૂલ્યે (ફ્રી) તે જ દિવસે સ્થળ ઉપર આપવામાં આવશે.
૧૩. જે ઉમેદવારની જીવનસાથી પસંદગી મેળાની નિયત કરેલી ફી સમયમર્યાદામાં જમા કરાવેલ હશે તેમની જ માહિતી પુસ્તિકામાં તેમનું જ નામ છાપવામાં આવશે.
૧૪. ફી ભરેલી પહોંચ અવશ્ય યુવા મેળાના સમયે પોતાની સાથે રાખવા વિનંતી છે.
૧૫. વધારાના પ્રવેશ પાસ તે દિવસે સ્થળ પરથી **રૂા. ૧૦૦ (સો)** પાસ દીઠ લઇને આપવામાં આવશે. (જમણ માટે)
૧૬. જન્માક્ષરમાં માનતા હોય તો કોપી અચૂક જોડશો.
૧૭. જીવનસાથી પસંદગી મેળાની તારીખમાં ફેરફાર કરવાનો તથા આખરી નિર્ણય લેવાની સત્તા સંસ્થાની રહેશે.
૧૮. ઉમેદવારે ભરેલા ફોર્મની ઝેરોક્ષ પોતાની પાસે અવશ્ય રાખવી.
૧૯. જાહેરાત માટે અન્ય આમંત્રીત મહાનુભાવોએ જવાબદાર વ્યક્તિઓનો અવશ્ય સંપર્ક કરવો.
૨૦. ૧૪ મા યુવા મેળાની સફળતા દ્વારા આગવી ઓળખ ઉભી કરનાર વડોદરાના શ્રી લીંબજ સેવા સમાજ દ્વારા આયોજીત ૧૫ મા યુવા મેળા પ્રસંગે આપનું હાર્દિક સ્વાગત છે.
૨૧. આમંત્રીત માહાનુભાવ અને અતિથીઓએ સમાજને આર્થીક યોગદાન કરવાનું રહેશે. તો જ તેમને સ્ટેજ પર સ્થાન મળશે.

## : જાહેરાતના દરો :

| | |
|---|---|
| ફુલ કલર | રૂા. ૫૦૦૦ |
| હાફ કલર | રૂા. ૨૫૦૦ |
| ક્વાર્ટર કલર પેજ | રૂા. ૧૫૦૦ |

| | |
|---|---|
| છેલ્લું પાનુ | રૂા. ૧૨૦૦૦ |
| અંદરનું પહેલું પાન | રૂા. ૭૦૦૦ |
| અંદરનું છેલ્લું પાન | રૂા. ૭૦૦૦ |

| | |
|---|---|
| ફુલ B & W | રૂા. ૨૫૦૦ |
| હાફ B & W | રૂા. ૧૫૦૦ |
| ક્વાર્ટર B & W | રૂા. ૧૦૦૦ |

## ફોર્મ સ્વીકારવા અને ફોર્મ મેળવવા માટે

૧. **ડૉ. ગીરીશભાઇ વી. પારેખ**
"સુશ્રુષા" ઘીકાંટા રોડ, નાગરવાડા, વડોદરા.
મો. : ૯૯૦૯૯૯૦૯૪૧, ૯૮૭૯૫૫૦૨૦૮

૨. **શ્રી યોગેશ એફ. સાણપૂરીયા**
બી-૨૩, મારૂતિધામ, જય જલારામ સામે, હરિનગર,
કાર્તિકેયનગર-૧ ની બાજુમાં, વડોદરા. મો. : ૯૮૨૫૪૫૯૦૫૭

૩. **શ્રી અરૂણભાઇ વાળંદ**
વૈભવ બ્યુટી પાર્લર, મેન્ટલ હોસ્પિટલના ગેટની સામે,
કારેલીબાગ, વડોદરા. મો.: ૯૮૯૮૧૨૩૨૦૩, ૯૮૯૮૬૬૭૬૨૫

૪. **શ્રી મનીષભાઇ પારેખ**
૪૨૮, લીલેરીયા પેરેમાઉન્ટ કોમર્સીયલ હબ,
કબીર પ્લાઝા પાછળ, તુલસીધામ પાસે, માંજલપુર,
વડોદરા-૩૯૦૦૧૧. મો.: ૯૩૭૬૧૧૩૧૫૪, ૭૦૪૧૦૦૩૨૮૮

૫. **શ્રી મનોજભાઇ સોલંકી**
શ્રીજી બેટરીઝ, ૩, દીપજ્યોત કોમ્પ્લેક્ષ-૧,
શીવશક્તિ કાઠીયાવાડી હોટલ, વિશ્વામીત્રી, મુજમહુડા,
વડોદરા. મો. ૯૯૦૪૩૧૧૦૦૯

૬. **શ્રી દક્ષેશ સી. પારેખ**
W-૫૦૩, સુખધામ રેસીડેન્સી, SSV2 સ્કુલ સામે, વાઘોડીયા
ડભોઇ રીંગ રોડ, વડોદરા - ૩૯૦૦૨૫. મો. : ૯૮૨૪૦૫૫૫૫૮
૭૦૪૩૦૦૯૬૬૪

૭. **શ્રી કિર્તનભાઇ એમ. પારેખ** - બી-૨૮, અંબિકાનગર વિભાગ-૨, હેવી વોટર પ્રોજક્ટની પાછળ, છાણી જકાતનાકા, વડોદરા. મો. : ૯૪૨૭૫૩૮૪૩૯

---

**Printing Book - Post**

To, ____________________

From :

**'બેટી બચાવો - સમાજ બચાવો'**

## અવસાન નોંધ

* **અડપોદરા :** અડાઠમ જથના **કાંતિભાઈ ભીખાભાઈ વાળંદ**નું તા. ૨-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **વાલમ :** તેર જથના **હિરાબેન મનુભાઈ નાયી**નું તા. ૨૩-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **મગરોડા : ડાહ્યાભાઈ અંબાલાલ નાયી**નું તા. ૨૨-૧૧--૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **મહેસાણા : સમુબેન સોમાભાઈ નાયી**નું તા. ૨૧-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **અલોડીયા : શારદાબેન ગોવિંદભાઈ રાઠોડ**નું તા. ૧૯-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **અમદાવાદ : મધુબેન હરિશભાઈ પારેખ**નું તા. ૨૩-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સુરેલા : પ્રભુભાઈ બાવાભાઈ વાઘેલા**નું તા. ૨૪-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સુરત : મનુભાઈ લાભુભાઈ જોટંગીયા**નું તા. ૨૩-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **વડુ : બાબુભાઈ રામદાસ નાયી**નું તા. ૨૪-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ખેરાલુ : કિરીટભાઈ અમૃતલાલ વૈદ્ય**નું તા. ૧૬-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **નાના સોપાટા (મુંબઈ) : કમલાપ્રસાદ શર્મા**નું તા. ૨૪-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **કરખડી : દિનેશભાઈ અશોકભાઈ લિંબાચીયા**નું તા. ૨૦-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **મેઘાણીનગર (અમદાવાદ) : દિપકભાઈ**નું તા. ૨૪-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સુરેન્દ્રનગર : મધુબેન કરસનભાઈ પનારા**નું તા. ૨૨-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **મોટા ઉચાલીયા : શરદકાન્ત મોહનભાઈ ચૌહાણ**નું તા. ૨૪-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **મોડલા : કમુબેન વાલજીભાઈ નાયી**નું તા. ૨૬-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **દેલવાડા : ગોવિંદભાઈ શિવરામભાઈ નાયી**નું તા. ૨૫-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ઉંદરા : પારૂલબેન લલ્લુભાઈ નાયી**નું તા. ૨૨-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પાદરીયા : રમેશભાઈ વસંતભાઈ વાળંદ**નું ૨૫-૧૧--૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સનોલી : જીજ્ઞેશકુમાર અંબાલાલ પારેખ**નું તા. ૨૪-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ચવેલી : સુરેશભાઈ બબાભાઈ નાયી**નું તા. ૨૭-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **રાજકોટ : કંચનબેન કિશોરભાઈ ધામેલીયા**નું તા. ૨૮-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **વડોદરા : સુરેશભાઈ ભીખાભાઈ લિંબાચીયા**નું તા. ૨૭-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પાલનપુર : મયૂર બાબુભાઈ નાયી**નું તા. ૨૭-૧૧--૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **રાજકોટ : રણછોડભાઈ રતાંશભાઈ**નું તા. ૨૮-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ભાવનગર : તારાબેન રવનુભાઈ બારડ**નું તા. ૨૯-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **મનીપુર : મંજૂલાબેન કચરાલાલ પારેખ**નું તા. ૨-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ભોજપરા : ગીતાબેન ગીરધરભાઈ પાલડીયા**નું તા. ૫-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **રાજકોટ : નાગજીભાઈ ઘનશ્યામભાઈ ટાટમીયા**નું તા. ૫-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **લીમખેડા : સૂર્યાબેન રમેશચંદ્ર ભાટીયા**નું તા. ૬-૧૨--૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **આણંદ : જયાબેન પ્રાગજીભાઈ મારડીયા**નું તા. ૬-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **બેરણા :** અડાઠમ જથના બેરણાના **મણીલાલ જોઈતારામ નાયી**નું તા. ૧૩-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **કોટડા સંઘાણી : મનસુખભાઈ નાનજીભાઈ હિરાણી**નું તા. ૧૩-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **અનોડીયા : હરીશભાઈ સોમાભાઈ નાયી**નું તા. ૧૩-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **વિજાપુર : નિલેશભાઈ કોદરલાલ ઠક્કર**નું બોત્સ્વાના ખાતે તા. ૨૮-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **વેડા : નટવરલાલ મોહનલાલ નાયી**નું નાસિક ખાતે તા. ૫-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **વરસોડા : જયંતિલાલ બબલદાસ નાયી**નું તા. ૫-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પુંધરા : બાલમુકુંદ ગોવિંદભાઈ નાયી**નું તા. ૧૧-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **વિજાપુર : વસંતિબેન અમૃતલાલ લિંબાચીયા**નું ન્યુઝીલેન્ડ ખાતે તા. ૧૧-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **આજોલ : પરેશભાઈ બાબુલાલ નાયી**નું સુરત ખાતે તા. ૧૪-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **રાંધેજા : મૌનિલ સંજયભાઈ શર્મા**નું કેનેડા ખાતે તા. ૧૫-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **વિજાપુર : મીનાબેન દિનેશભાઈ દમણી**નું યુ.કે. ખાતે તા. ૨૨-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **મોટપ (સુરત) : અરવિંદભાઈ કાન્તીલાલ નાયી**નું તા. ૧૩-

૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.

* **વડતાલ : બિપીનભાઈ મણીભાઈ વાળંદ**નું તા. ૧૦-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **કરખડી : પૂનમભાઈ કાશીભાઈ લીમ્બાચીયા**નું તા. ૧૨-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પાલજ : રેવાબેન હરમાનભાઈ પારેખ**નું તા. ૧૧-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સુશીયા (મહેસાણા) : ભુવાજી અમૃતભાઈ ચતુરદાસ નાયી**નું તા. ૧૦-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **બાલીસણા :** તેર સમાજના **દેવીકાબેન મણીલાલ લિંબાચીયા**નું તા. ૪-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ઊંઝા : લક્ષ્મણભાઈ નટવરલાલ નાયી**નું તા. ૨૯-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **મોટપ :** તેરજથના મોટપના **અરવિંદભાઈ કાંતિલાલ નાયી**નું તા. ૧૩-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પાટણ : પુષ્પાબેન બાલકૃષ્ણ લિંબાચીયા**નું તા. ૨૯-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **નવી મેઘણી : પ્રેમજીભાઈ ભોવનભાઈ વાઘેલા**નું તા. ૧૭-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **મોઢેરા : નરસિંહભાઈ ઈશ્વરલાલ નાયી**નું તા. ૧૬-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સુરત : સુમનબેન ધીરૂભાઈ વૈષ્ણવી**નું તા. ૧૭-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **લાલપુર : લીલાબેન મગનલાલ ગોંડલિયા**નું તા. ૧૭-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ખેરાલુ : શાંતાબેન ગણપતભાઈ લિંબાચીયા**નું તા. ૧૭-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સિદ્ધપુર : લીલાબેન રતિલાલ નાયી**નું તા. ૧૬-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **લખતર : પ્રવિણભાઈ નાનજીભાઈ લખતરીયા**નું તા. ૧૮-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ચાંદરણી :** અડાઠમ જથના **મહેશભાઈ બવાભાઈ નાયી**નું તા. ૧૪-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ઊંઝા : શાંતિલાલ મંગળદાસ નાયી**નું તા. ૧૪-૧૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **વડોદરા : રમેશચંદ્ર એસ. વૈદ્ય**નું તા. ૧૬-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સુરેન્દ્રનગર : પિયૂષભાઈ મનહરભાઈ પનારા**નું તા. ૧૫-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **આમટણ : કિશનભાઈ હરિષભાઈ માવદીયા**નું તા. ૧૪-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ભોજપરા : નિતિનભાઈ ભગવાનભાઈ વાજા**નું તા. ૧૫-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **કડાણા : મધુબેન પિતાંબરદાસ ભાટીયા**નું તા. ૧૬-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **નવા : ભીખાભાઈ શામળભાઈ શર્મા**નું તા. ૧૬-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **વાસણા (અમદાવાદ) : કિશોરભાઈ સોમાભાઈ ધોળકીયા**નું તા. ૧૫-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **તેલનાર : ભીખાભાઈ ચુનીભાઈ શર્મા**નું તા. ૧૭-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સુરત : મંજુલાબેન ભીમજીભાઈ બુધેલીયા**નું તા. ૧૬-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **મંડાલી :** હાલ અમદાવાદ **કનુભાઈ ગોવિંદભાઈ શર્મા**નું તા. ૨૫-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **મલુપુર :** તા. થરાદ **મશરૂભાઈ આંબાભાઈ નાયી**નું તા. ૩-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **પોર :** હાલ અમદાવાદ **સુશીલકુમાર દેવેન્દ્રકુમાર શર્મા**નું તા. ૭-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **અડાદરા :** હાલ અમદાવાદ **રસિકલાલ ફુલચંદ પારેખ**નું તા. ૧૨-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **વેજલપુર : રમણભાઈ ડાહ્યાભાઈ પારેખ**નું તા. ૧૪-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સુરત : કુસુમબેન ધીરૂભાઈ વૈષ્ણવ**નું તા. ૧૭-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **સંખારી** (હાલ વડોદરા) : **અરૂણભાઈ સોમાભાઈ વાળંદ**નું તા. ૨૨-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ચાણસ્મા : શકરીબેન ચંદુલાલ નાયી**નું તા. ૨૧-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે.

**ઉપરોક્ત દિવંગત આત્માઓને પરમકૃપાળુ પરમાત્મા ચિર:શાન્તિ અર્પે તેવી ગુજરાત વાળંદ સેવા સંઘની પ્રાર્થના.**

'વાળંદ વિકાસ'માં પ્રસિદ્ધ થનાર લખાણની જવાબદારી તેના પ્રેષકની રહેશે. ગુજ. વા. સ. સંઘ, તંત્રી કે સંપાદક મંડળ હંમેશા તેની સાથે સહમત છે તેવું માનવું નહિ. – તંત્રી, વા.વિ.

## વાળંદ વિકાસના વાંચકો જોગ

**આથી વાળંદ વિકાસના ગ્રાહકોને નમ્ર વિનંતી કે વાળંદ વિકાસ ન મળવાની કે વાળંદ વિકાસની કોઈપણ ફરિયાદ માટે વાળંદ વિકાસના સંપાદક શ્રી શંકરલાલ એમ. ભાટીયાનો મો. ૯૪૨૬૦૮૫૪૮૮ ઉપર સંપર્ક કરવો.**

**- વાળંદ વિકાસ કમિટિ**

# BIO-DATA



## Personal Details

| | | |
|---|---|---|
| Name | : | **Parth Maheshkumar Panara** |
| Date of Birth | : | 17th December, 1997 |
| Place of Birth | : | Vadodara, Gujarat, India |
| Living in | : | New Jersey, USA |
| Living Status | : | Resident of the USA |
| Height/Weight | : | 5' 9" / 74 Kg. |
| Education | : | Master of Science in Computer Science from New Jersey Institute of Technology (NJIT), New Jersey, USA<br>Bachelor's in Architecture from Maharaja Sayajira University of Baroda (MSU), Vadodara, India<br>Graduate Certificate in Data Mining from New Jersey Institute of TEchnology (NJIT), NJ, USA<br>Minor in ESL from Middlesex Country College, New Jersey, USA |
| Job/Occupation | : | Currently working as an Architect at Private organizatio, New Jersey, USA |
| Hobbies | : | Travelling, Sports, Crossfit |

## Family Details

| | | |
|---|---|---|
| Father | : | Maheshkumar Ramanlal Panara (Retired Indian Govt. Employee), New Jersey, USA |
| Mother | : | Prafulla Panara (Homemaker), New Jersey, USA |
| Sister | : | Rimpal Panara (B.Sc. Nursing from SSG Hospital, Vadodara), New Jersey, USA |

## Contact Details

| | | |
|---|---|---|
| Cell No. | : | Prafulla Panara (+1(732) 822-2680) |
| Email | : | parthpanara97@gmail.com (Preffered mode of contact) |

Registered under R.N.I. No. 9377/1957. Permitted to post at Ahmedabad PSO
on 2nd day of every Month under Postal Registration No. GAMC-810/2025-2027
Dt. 12-12-2024 Valid upto 31-12-2027 issued by SSPO's Ahmedabad City Division

## શ્રી ચુંવાળ પાંચ પરગણા વાળંદ સમાજ ટ્રસ્ટ અને સમાજ આયોજિત પંચોત્સવ સમારોહ



(અહેવાલ પેજ નં. ૮ પર)

Printed & Published by
BALUBHAI BABABHAI PAREKH on behalf of
SHREE GUJARAT VALAND SEVA SANGH and
Printed at NAVPRABHAT PRINTING PRESS,
9, Punaji Industrial Estate, Dhobighat Cross
Road, Dudheswar, Ahmedabad-380004,
and Published from
VALAND VIKAS Karyalaya, Gulbai Tekra,
Opp. Pankaj Vidhyalaya, Ahmedabad-380006.
Editor - ARVINDBHAI S. VAIDYA